અપીલ અરજી નં.૩૩૯ તા.૧૭–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૨–૯–૧૧ની અરજીથી સતનામ ફુડસ, ૨૯૮–૨૯૯, આશીર્વાદ ઈન્ડ.પાર્ક, સોસા.નવજીવન હોટલની સામે, ભેસ્તાન, સુરત બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે ચાલતી સંસ્થાને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ આરોગ્ય ફુડ તથા ગુમાસ્તા ધારાની લાયસન્સની નકલો આપવી વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૩૯/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૨–૯–૧૧ની અરજીથી સતનામ ફુડસ, ૨૯૮–૨૯૯, આશીર્વાદ ઈન્ડ.પાર્ક, સોસા.નવજીવન હોટલની સામે, ભેસ્તાન, સુરત બાબતે મુદ્દા નં. (૧) ઉપરોકત સ્થળ ચાલતી સંસ્થાને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ આરોગ્ય ફુડ તથા ગુમાસ્તા ધારાની લાયસન્સની નકલો આપવી વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૧૦–૧૧ ના રોજ સપ્તાહ જેટલી વિલંબીથી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ કરનારને પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૭ તા.૨–૧૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારાજગીના કિસ્સામાં વિગત રજુ કરવા તથા સપ્તાહ જેટલી વિલંબીત અપીલ માટે વ્યાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ઉધના/આ.નં.૪૯૧૮ તા.૧૬–૧૧–૧૧ થી ગુમાસ્તાધારા વિભાગને લગતી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/૫૦૧ તા.૧૫–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી જાવક નં.૧૬૧ તા.૨૧–૧૧–૧૧ થી આરોગ્યલક્ષી પૂરક વિગતોમાં સા.ઝોન/આરોગ્ય/૧૫૭ તા.૧૫–૧૧–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, સંસ્થાને આરોગ્યલક્ષી ખામી અંગે તા.૧૭–૯–૧૧ ના રોજ આપેલ ચેતવણી બાબતેની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૨–૯–૧૧ ની સતનામ ફુડસ, ૨૯૮–૨૯૯, આશીર્વાદ ઈન્ડ.પાર્ક, સોસા.નવજીવન હોટલની સામે, ભેસ્તાન ખાતે આવેલ જેના ગુમાસ્તા, ફુડ અને આરોગ્યના લાયસન્સની વિગતો માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં. (૧) સતનામ ફુડસ, ૨૯૮–૨૯૯, આશીર્વાદ ઈન્ડ.પાર્ક, સોસા.નવજીવન હોટલની સામે, ભેસ્તાન, ખાતે ચાલતી સંસ્થાને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ આરોગ્ય ફુડ તથા ગુમાસ્તા ધારાની લાયસન્સની નકલો આપવી. મુદ્દા નં.(૨) આ લાયસન્સ મેળવવા માટે સંસ્થા માલિક તરફથી આપના વિભાગમાં રજૂ કરવામાં આવેલ ડોકયુમેન્ટની નકલો આપશો. (૩) આ સંસ્થાની મુલાકાત છેલ્લા પાંચ વર્ષમાં આરોગ્ય તથા ફુડ વિભાગ ધ્વારા કેટલીવાર તથા કઈ કઈ તારીખે કરવામાં આવેલ છે તથા આ મુલાકાત દરમ્યાન તેઓએ કરેલ કાર્યવાહીની (રીપોર્ટ સહિતની) નકલો સહિતની વિગતો આપશો. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો ન હોવાથી તા.૧૭–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ પૂરક વિગતોમાં પત્ર નં.સા.ઝોન/૫૦૧ તા.૧૫–૧૧–૧૧ થી સતનામ ફુડસ, ૨૯૮–૨૯૯, આશીર્વાદ ઈન્ડ.પાર્ક, સોસા.નવજીવન હોટલની સામે, ભેસ્તાન સુરત નામની કોઈ સંસ્થા ગુમાસ્તાધારા વિભાગ ઉધનાઝોનનો કોમ્પ્યુટર રાઈઝ રેકર્ડ તપાસતાં નોંધાયેલ ન હોવાનું જણાય છે. તેવું નિયત સમય અવધિ બાદ જણાવેલ છે. આમ અરજદારને અપીલ તબકકે ગુમાસ્તાધારાના લાયસન્સ બાબતે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે વ્યવસાયવેરાની વસુલાતની કામગીરી હોવાથી કાર્યભારણ વધુ હોવાના કારણે જવાબ આપવામાં વિલંબ થયો હોવાનું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી આરોગ્યલક્ષી લાયસન્સ બાબતે ભેસ્તાન વોર્ડ ઓફિસના કાર્યક્ષેત્રમાં આવેલ સતનામ ફુડઝ–૨૯૮–૨૯૯ આર્શિવાદ ઈન્ડ. નવજીવન હોન્ડા

શો રૂમની સામેના રોડ ઉપર આવેલ સંસ્થામાં આરોગ્યલક્ષી ચકાસણી કરતાં સંસ્થામાં જોવા મળેલ આરોગ્યલક્ષી ક્ષતિઓ તથા સંસ્થા પાસે આરોગ્યલક્ષી લાયસન્સ ન હોવાથી ઉધનાઝોનની ઓફિસેથી તા.૧૭–૯–૧૧ ના રોજ રૂા.૧૬૦૦/– રસીદ નં.૪૨૧૦૫૫ તથા તા.૧૯–૯–૧૧ ના રોજ રૂા.૧૫૦૦/– રસીદ નં. ૪૨૧૦૫૬ થી વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો છે તથા તા.૧૭–૯–૧૧ ના રોજ સંસ્થાને આરોગ્યલક્ષી ક્ષતિઓ તથા લાયસન્સ બનાવવા માટે નોટીસ આપવામાં આવીછે તેવું જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી ફુડ વિભાગના લાયસન્સો બાબતે કોઈ પણ માહિતી અપાયેલ જણાતી નથી. તથા માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી. કે કલમ–૬(૩) હેઠળ તબદીલ કરાયેલ હોય તેવી પણ કોઈ વિગતો જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી ફુડના લાયસન્સ બાબતેની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારીના કાર્યક્ષેત્રમાં આવતું હોય તો તથા છેલ્લા પાંચ વર્ષમાં સંસ્થાની મુલાકાતની વિગત અને કરેલ કાર્યવાહીના રીપોર્ટની દફતરી ઉપલબ્ધ નકલો વિલંબિત અપીલ અરજીને ધ્યાને લેતાં અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રીતે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અને જો ફુડ વિભાગનો મુદ્દો તેમના કાર્યક્ષેત્રને સ્પર્શતું ન હોય તો લાગત જાહેર માહિતી અધિકારીને દિન–૫ માં અત્રેની જાણ હેઠળ તબદીલ કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,